# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન સંસ્થા, નાગપુર

## કપાસ પુર્વાનુમાન ૨૦૧૯-૨૦ : અઠવાડિક સલાહ/માર્ગદર્શન

### (સમય ગાળો : ૧૬ થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯)

| | ખરેખર વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | સુચિત/ પુર્વાનુમાન વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સપ્ટેમ્બર | | | | | સપ્ટેમ્બર | | | | | |
| તારીખ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ગુજરાત | | | | | | | | | | | |
| અમરેલી | ૭.૨ | 0 | | | 0 | 0 | 0 | ૯ | ૪૦ | ૩૯ | ૫૦ |
| ભાવનગર | ૪.૧ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૧૭ | ૩૮ | ૩૮ | ૩૬ |
| જામનગર | ૬૮ | 0.૫ | | | | 0 | 0 | 0 | ૧૭ | 0 | ૨૧ |
| રાજકોટ | ૧ | 0 | 0.3 | 0 | 0 | 0 | 0 | 0 | ૨૨ | 0 | ૩૬ |
| ભરૂચ | ૧૬.૨ | 0 | 0 | 0 | 0 | ૩૩ | ૮ | ૨૮ | ૪૦ | ૩૭ | ૫૬ |
| સાબરકાંઠા | | | | | | ૫ | ૧૩ | ૧૨ | ૧૩ | ૧૫ | ૨૨ |
| સુરેન્દ્રનગર | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૬ | ૨૨ | ૫ | ૩૪ |
| અમદાવાદ | 0 | ૧.૪ | ૨.૧ | 0.૨ | 0 | 0 | 3 | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૬ |
| બરોડા | 0 | ૭.૪ | 3 | 0 | 0.૨ | ૧૨ | ૧૬ | ૩૬ | ૫૬ | ૪૫ | ૭૪ |
| પાટણ | | | | | | 0 | 0 | ૭ | 0 | 0 | ૯ |
| મહેસાણા | | | | | | 0 | 0 | ૧૨ | ૫ | 3 | ૧૪ |

**સલાહ/ માર્ગદર્શન**

જુનાગઢ ખાતે કપાસનો પાક ૯૨ દિવસનો ફુલ અને જીંડવા વિકાસની અવસ્થાએ છે. નિંદામણ નિયંત્રણ, પાળા ચઢાવવાની અને મ્યુરેટ ઓફ પોટાશ અને સીંગલ સુપર ફોસ્ફેટ જેવાં ખાતર આપવાના કાર્યો થયેલ છે. ચુસીયા પ્રકારની જીવતનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો જોવા મળેલ છે. કોરીનોસ્પોરાથી થતા પાનના ટપકા અને એસ્કોફાઇટા થી થતા પાનોના ઝાળનો રોગનો તીવ્ર ઉપદ્રવ જોવા મળેલ છે.

સુરત ખાતે કપાસના પાકમાં ફુલ અવસ્થા શરૂ થયેલ છે. નિંદામણ નિયંત્રણના કાર્યો કરવામા આવેલ છે. લીલા તડતડીયાઅને થ્રીપ્સનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ જોવા મળેલ છે. કેટલાક છોડોમાં બળીયા ટપકા રોગની શરૂઆત જોવા મળેલ છે.

**સલાહ :**

સૌરાષ્ટ્ર ખાતે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે કપાસના ખેતરમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળેલ છે. ખેડુતોને અનુકુળ પરિસ્થિતિએ આંતરખેડ, નિંદામણ નિંયત્રણ અને પાળા ચઢાવવાની કામગીરી કરવાની ભલામણ છે. ખેતરોમાં એમોનિયમ સલ્ફેટ અથવા પ્રવાહી ખાતર ૧૯-૧૯-૧૯ (NPK) @ ૧ % પ્રમાણે છંટકાવ કરવાની ભલામણ છે. નિદામણ નિયંત્રણ માટે નિંદામનાશક દવા, ક્વિઝાલોફોપ પી ઇથાઇલ ૫ ઇસી @ ૨૦ મીલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. પાણી ભરાવાની સમસ્યાવાળા ખેતરોમાં (પેરાવિલ્ટ (સુકારો) આવતો અટકાવવા) ૧૦ પીપીએમ કોબાલ્ટ ક્લોરાઇડનો છંટકાવ કરવો. લીલા તડતડીયા અને થ્રીપ્સનો ઉપદ્રવ આગામી દિવસોમાં વધવાની શક્યાતા હોય ફ્લોનીકામીડ ૫૦ ડબલ્યુજી @ ૪ ગ્રામ અથવા થાયામીથોકઝામ ૨૫ ડબલ્યુજી @ ૨ ગ્રામ પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ટોચના પાનોનાં રોગોના વ્યવસ્થાપન માટે મેટીરામ ૫૫ % + પાયરાક્લોસ્થોબિન ૫ ડબલ્યુજી @ ૨૦ ગ્રામ પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને પાનનાં બળીયા ટપકાના રોગના અસરકારક વ્યવસ્થાપન માટે કોપર ઓકસીક્લોરાઇડ ૨૫ ગ્રામ + સ્ટેપ્ટોસાયક્લીન ૧ ગ્રામ પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી છંટકાવ કરવો. કપાસના પાકમાં જોવા મળતા બંધ પાંખડીવાળા (રોઝેટ ફલાવર) ફુલોને તોડીને તેમાં જોવા મળતી ગુલાબી ઇયળની પ્રથમ અને દ્રીતિય અવસ્થાની સફેદ અથવા ત્રીજી અને ચોથી અવસ્થાની ગુલાબી ઇયળ સહિતના ફુલોનો નાશ કરવો.

| વરસાદ (મીમી) પ્રમાણિત રંગ | < ૫ | ૫-૨૦ | ૨૧-૫૦ | ૫૧-૮૦ | > ૮૦ |
|---|---|---|---|---|---|

0.0 મીમી વરસાદ (વરસાદ નથી).

ખાલી જગ્યા દર્શાવે છે કે આંકડાઓ ઉપલબ્ધ નથી.

**સ્રોત :** http://imdagrimet.gov.in